# બનાસ ડેરીની ચૂંટણીમાં ૧૧ બેઠકો પર ૨૪ ઉમેદવારો વચ્ચે જંગ

## ડીસા, દાંતા અને થરાદ બેઠકો બિનહરીફ થઈ : ૪૭ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યાં

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુર ખાતે આવેલ એશિયામાં નંબર વનનું સ્થાન ઉત્પાદકમાં પ્રાપ્ત કરનાર અને પશુપાલકોની જીવાદોરી સમાન બનાસડેરીની ચૂંટણીનું બ્યુગલ વાગતાં સમગ્ર રાજ્યના સહકારી માળખાની દૃષ્ટિ બ.કાં.ની બનાસડેરી પર મંડાણી છે.

બનાસકાંઠાનું વિશ્વ સ્તરે નામ રોશન કરનારી બનાસડેરીની ચૂંટણી યોજાતા જિલ્લામાંથી ૧૪ બેઠકો માટે ૭૪ જેટલા ઉમેદવારો મેદાનમાં આવેલા હતા. જેમાં ગતરોજ ૭૪ ઉમેદવારોમાંથી ૪૭ જેટલા ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા હવે ચિત્ર સ્પષ્ટ થવા પામ્યું છે. જેમાં ડીસા, થરાદ અને દાંતાની ત્રણ બેઠકો બીન હરીફ થતાં હવે ૧૧ બેઠકો પર ૨૪ ઉમેદવારો મેદાનમાં આવી ગયા છે. બનાસડેરીની ચૂંટણીમાં ૧૪ બેઠકો પર સો ઉપરાંત ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. તેમાંથી છેલ્લા દિવસે ફોર્મ પરત ખેંચાતા અને ત્રણ બેઠકો બીન હરીફ થતાં હવે ૧૧ બેઠકો માટે ૨૪ ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે. ગતરોજ થરાદ બેઠકના ઉમેદવાર અને મંત્રી પરબતભાઈ પટેલ બીન હરીફ થયા છે. જ્યારે ડીસાની બેઠક ઉપર જોરાભાઈ દેસાઈ બીન હરીફ થયા છે. અને દાંતાની બેઠક ઉપરથી બળવંતસિંહ બીન હરીફ થયા છે. હવે અમીરગઢમાં ત્રણ અને સાંતલપુરમાં ત્રણ ઉમેદવારો બાકીની ૯ બેઠકો પર ૧૮ મળીને કુલ ૨૪ ઉમેદવારો ચૂંટણી લડશે. ચૂંટણી આગામી ૭મી સપ્ટેમ્બરે યોજાનાર છે.

ગતરોજ પરત ખેંચાયેલા ફોર્મમાં રાધનપુરના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી, સાંતલપુરમાંથી પ્રેમીલાબેન ચૌધરી તથા વડગામ સીટ ઉપરથી બન્ને જિલ્લા પંચાયતના પ્રમુખ દલસંગભાઈ પટેલે પણ ફોર્મ પરત ખેંચ્યું છે. આમ દિગ્ગજો આ ચૂંટણીમાંથી બહાર આવી ગયા છે. હવે તેમની ભુમિકા બહારથી થશે. બનાસડેરીની ચૂંટણીનો જંગ જામશે. પાલનપુર સીટ પર ૨૨ વર્ષથી બનાસડેરીની ધુરા સંભાળનાર પરથીભાઈ ભટોળ અને તેમની સામે પ્રદેશ ભાજપાના પૂર્વ ઉપાધ્યક્ષ પૂર્વ બ.કાં.ના સાંસદ હરિભાઈ ચૌધરી વચ્ચે કાંટાની ટક્કર જામશે. બનાસડેરીના ૧૪૪ મતદારો ભાવી નક્કી કરશે. ૧૪૪ મતદારો પૈકી ૭૦ મતદારો ચૌધરી સમાજના છે. જ્યારે ૭૪ મતદારો ઈતર સમાજના એટલે ચૌધરી સમાજના. મતદારોમાં પણ બે ભાગ પડશે અને એ બે ભાગ આગામી વિધાનસભા લોકસભામાં પણ ભાગલા રૂપે દેખાશે તેવું રાજકીય નિષ્ણાંતો અનુમાન લગાવી રહ્યા છે. પણ હાલમાં બ.કાં.માં બનાસડેરીની ચૂંટણીનો ગરમાવો થવા લાગ્યો છે. જેમાં સૂત્રો દ્વારા જાણવા પ્રમાણે મતદારો હાલમાં જિલ્લાની બહાર ભારતના પ્રસિદ્ધ હીલસ્ટેશને કુદરતી સૌંદર્યની મજા માણી રહ્યા છે. હવે જોવાનું એ રહ્યું કે બનાસડેરીની ધુરા મતદારો કોને આપશે?



હિંમતનગર તાલુકાના નવા, રામપુર, ખાંધોલ, કડોદરી, હુંજ, માનપુર અને ગામડી ગામે ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં આજે વણથંભી વિકાસયાત્રામાં વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

## તલોદનું ખાલીખમ તળાવ ભરવા ગ્રામજનોએ મામલતદારનો આવેદનપત્ર આપ્યું

તલોદ, તા.૩૦

સાબરકાંઠાના તલોદ તાલુકામાં બજારને અડીને આવેલું ગામનું તળાવ છેલ્લા કેટલાય વર્ષોથી ભ્રષ્ટ અધિકારીઓની બેદરકારીથી ખાલીખમ પડયું છે. આથી અનેકવાર ગ્રામજનોએ આ તળાવ ભરવા તંત્રને રજૂઆત કરી છે. પરંતુ આજદિન સુધી કોઈ પગલાં ન ભરાતા ખેડૂતો અને ગ્રામજનોએ ઉગ્ર રોષ વ્યકત કરી રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને તાત્કાલિક ધોરણે તળાવ ભરવા માંગ કરી છે.


તલોદ તાલુકાના મુખ્ય બજારને અડીને આવેલ ગામનું તળાવ છેલ્લા ઘણા વર્ષોથી સુકું ભટ્ટ જોવા મળે છે. જેથી ગ્રામજનોએ આ તળાવને ભરવા મામલતદાર કચેરીમાં અનેક વાર રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં કોઈ યોગ્ય કે નક્કર પરિણામ ન આવતા આખરે આજે તલોદ ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થઈ એક રેલી યોજી હતી. જે રેલી જાહેર માર્ગો પર સૂત્રોચ્ચારો સાથે ફરી મામલતદાર કચેરીએ પહોંચી હતી અને મામલતદારને આવેદનપત્ર આપી સત્વરે તલોદનું ખાલીખમ તળાવ ભરી દેવા ગ્રામજનોએ માંગણી કરી છે અને આગામી સમયમાં તળાવ નહીં ભરાય તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

## મેડીકલ કોલેજ માટે જોઈએ તેટલી જમીન આપવાની તૈયારી બતાવતા ધનસુરાના અગ્રણીઓ

ધનસુરા, તા. ૩૦

હિંમતનગર તાલુકામાં મેડીકલ કોલેજ શરૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવતાની સાથે ઉઠેલા વિરોધ વંટોળને જોતા ધનસુરા તાલુકાના અગ્રણીઓ અને ગ્રામ પંચાયતે મેડિકલ કોલેજ માટે જોઈએ તેટલી જમીન આપવાની સરકાર સમક્ષ તૈયારી બતાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર તાલુકામાં મેડિકલ કોલેજ શરૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવતાની સાથે જ કેટલાક ચોક્કસ વ્યક્તિઓ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે ત્યારે વિરોધ પ્રદર્શન વેળાએ અખબારોમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને સમર્થન આપતા ધનસુરા તાલુકાના અગ્રણીઓ અને ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા મેડીકલ કોલેજ માટે જોઈએ તેટલી જમીન આપવાની સરકાર સમક્ષ તૈયારી બતાવી છે અને આવનાર સમયમાં આ મામલે તાલુકાનું પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રીને રજુઆત કરનાર છે. ભવિષ્યમાં ધનસુરા ખાતે મેડીકલ કોલેજ બનશે તો ધનસુરા, બાયડ, તલોદ, માલપુર, મેઘરજ તાલુકાના વિદ્યાર્થીઓને લાભ મળશે.



મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઢોરીયા, અલદેસણ, સુરજ, સરસાવ, માથાસુર અને નવાપુરા ગામે શહેરી વિકાસ અને પાણી પુરવઠા જળસંપત્તિ મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે વણથંભી વિકાસયાત્રા અન્વયે વિવિધ કાર્યોના ખાતમુહૂર્ત લોકાર્પણ અને ભૂમિપૂજન કર્યા હતા. શહેરી વિકાસ મંત્રીશ્રીએ કરોડો રૂપિયાના વિવિધ કામો જેવા કે સી.સી. રોડ, પાઈપલાઈન, પંપ મોટર કેબલ, સંરક્ષણ દિવાલ, રકસ્તા, ગટર લાઈન, પાણીની ટાંકી, પંચાયત ભવન જેવા વિવિધ વિકાસના કામોના ખાતમુહૂર્ત કર્યા હતા.

## ૧૦૮ ઈમરજન્સી સેવાને પાંચ વર્ષ પૂર્ણ થતાં પાલનપુર ખાતે બાઈક રેલી યોજાઈ

પાલનપુર, તા.૩૦

ગુજરાત સરકાર દ્વારા કાર્યશીલ રહેતી ૧૦૮ ઈમરજન્સી સેવાએ આજ દિન સુધી રાજયમાં ૩૨ લાખ ઉપરાંત ઈમરજન્સી સેવા હાથ ધરેલ છે. સૌથી વધુ ૧૦૮ની સેવા ગ્રામ્ય વિસ્તાર અને આદિવાસી વિસ્તાર માટે આર્શીવાદ રૂપ થવા પામી છે. ૧૦૮ની ઈમરજન્સી સેવાને કારણે હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે. જેમાં સગર્ભા માતાઓ અને નવજાતશિશુઓમાં મૃત્યુનું પ્રમાણ ઘટયું છે. જયારે આ ઈમરજન્સી સેવાના કારણે આરોગ્ય સંસ્થાઓમાં તેમજ દવાખાનાઓમાં સુવાવડનું પ્રમાણ વધ્યું છે. વાહન વ્યવહારના રસ્તાઓમાં થતા અકસ્માતો ઘાયલ દર્દીઓ, સગર્ભા બહેનો સર્પદંશ અથવા અન્ય ઘરેલું ઈજા કે અકસ્માતથી ઘાયલ વ્યકિતઓ દવાખાના સુધી પહોંચ્યા છે.

૧૦૮ની ઈમરજન્સી સેવાની પાંચમી વાર્ષિક ઉજવણી મનાવવા માટે તા. ૨૬ ઓગષ્ટ ૨૦૧૨થી શ્રેણીબંધ કાર્યક્રમો શરુ કરવામાં આવેલા છે. આ કાર્યક્રમોના ભાગરૂપે સમગ્ર રાજયમાં દરેક જિલ્લામાં રેલીનું આયોજન કરવામાં આવેલ છે. તે સંદર્ભે પાલનપુર ખાતે પણ જી.વી.કે. ઈ.એમ.આર.આઈ.ના સ્ટાફના વ્યકિતઓ, લાભાર્થીઓ, બાળકો, સ્વયંસેવકો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતાં.

## હરણીયા ગામ નજીક જીપની ટક્કરે બાળકનું મોત

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના હરણીયા ગામ નજીક બુધવારના રોજ બપોરના સુમારે જીપે બાળકને ટક્કર મારતા બાળકનું મોત નીપજ્યું હતું. જે અંગે ખેરોજ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ હરણીયા ગામ નજીક રોડ પર બુધવારના રોજ બપોરના ૨ વાગેના સુમારે નોપાભાઈ નાથાભાઈ પારધી અને ચાર વર્ષીય બાળક વિક્રમ જતા હતા ત્યારે જીપ નંબર જીજે-૯એબી-૧૧૨૩ના ચાલકે પુરઝડપે હંકારી વિક્રમને ટક્કર મારી મોત નીપજાવી નાસી ગયેલ. આ અંગે ખેરોજ પોલીસમથકે નોપાભાઈ નાથાભાઈ પારધીએ ફરિયાદ નોંધાવી હતી.

## કડી તાલુકામાં 'વણથંભી વિકાસયાત્રા' ખાતમુહૂર્ત, ભૂમિ પૂજન અને લોકાર્પણ

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઢોરીયા, અલદેસણ, સુરજ, સરસાવ, માથાસુર અને નવાપુરા ગામે શહેરી વિકાસ અને પાણી પુરવઠા જળસંપત્તિ મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે વણથંભી વિકાસયાત્રા અન્વયે વિવિધ કાર્યોના ખાતમુહૂર્ત લોકાર્પણ અને ભૂમિપૂજન કર્યા હતા. શહેરી વિકાસ મંત્રીશ્રીએ કરોડો રૂપિયાના વિવિધ કામો જેવા કે સી.સી. રોડ, પાઈપલાઈન, પંપ મોટર કેબલ, સંરક્ષણ દિવાલ, રકસ્તા, ગટર લાઈન, પાણીની ટાંકી, પંચાયત ભવન જેવા વિવિધ વિકાસના કામોના ખાતમુહૂર્ત કર્યા હતા.

આ પ્રસંગે શહેરી વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં તાલુકા પંચાયત બેઠકો પર ચાલતી આ વણથંભી વિકાસયાત્રા અવિરત પણે ચાલી રહી છે. આ વિકાસ યાત્રામાં ત્રીસ્તરીય પંચાયતના પૂર્વ સદસ્યોનું સન્માન કરવાનો પ્રથમ શ્રેય આ સરકારને જાય છે. વણથંભી વિકાસયાત્રા અન્વયે નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્યની અવિરત પ્રગતિ થઈ રહી છે. રાજ્યની ૪૫૦૦ જેટલી તાલુકા પંચાયતની બેઠકો પરના ગામોમાં પાકા રસ્તા, પાણીની સુવિધા અને શિક્ષણની તમામ સુવિધાઓથી સજ્જ થઈ છે.

કડી તાલુકા પંચાયતમાં ૧૦ કરોડના વિકાસના કામો આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકા તેમજ વિવિધ ગ્રાન્ટ હેઠળ થયા છે. કડી તાલુકામાં ૦ થી ૧૬ આંક ધરાવતા એક પણ લાભાર્થી આવાસ વિહોણો રહેતો નથી. કડીથી વીઠ્ઠલાપર ચોકડી સુધી ૪૮.૫૦ કરોડના ખર્ચે બનનાર રસ્તાથી લોકોની સુવિધામાં વધારો થનાર છે. આ ઉપરાંત વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત મંત્રીશ્રીએ ગ્રામજનોને વ્યસનમાંથી મુક્ત રહી કુટુંબીજનોની ચિંતા કરવા અનુરોધ કર્યો હતો.

## ધનસુરાના શક્તિનગરમાં 'ભાજપની વણથંભી વિકાસયાત્રા' કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૩૦

ધનસુરા તાલુકાના શક્તિનગરમાં ગુજરાત સરકારનો વણથંભી વિકાસયાત્રા કાર્યક્રમ અંતર્ગત શક્તિનગરમાં ૧.૫૦ લાખના રોડનું કાતમુહૂર્ત તેમજ જનતાનગરમાં કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજ્યના શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ પ્રસંગે ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ સુરાભાઈ પરમાર, જિલ્લા ખેતીવાડી અધિકારી કાકડે, ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ ત્રિવેણીબેન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ મનાહરભાઈ દેસાઈ, તાલુકા પંચાયતના સભ્યો, ભાજપના હોદ્દેદારો, કાર્યકરો તેમજ તાલુકાના અન્ય ગામોમાંથી પણ લોકો ઉપસ્તિત રહ્યા હતા. પ્રાસંગિક પ્રવચનમાં ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ હેમલતાબેને ગુજરાતની વિકાસયાત્રાનો સંપૂર્ણ ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે શિક્ષણમંત્રીએ પૂર્વ સરપંચો, તાલુકા સદસ્યોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## સાબરકાંઠા બેંકની શુભેચ્છા મુલાકાત લેતા વિપુલ ચૌધરી

હિંમતનગર, તા. ૩૦

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નવા ચેરમેન વિપુલભાઈ ચૌધરીએ હિંમતનગરમાં આવેલી સાબરકાંઠા બેંકની આજે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બેંકના ચેરમેન અમીચંદભાઈ પટેલે વિપુલભાઈને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કર્યુ હતં.

વિપુલભાઈ ચૌધરીએ સાબરકાંઠા બેંક, સાબરડેરી, તેમજ જિલ્લાની અન્ય તમામ સહકારી સંસ્થાઓએ મેળવેલી અભૂતપૂર્વ વિકાસની માહિતી મેળવી આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેંકના ચેરમેન કનુભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના વાઈસ ચેરમેન રામજીભાઈ પટેલ, એમ.ડી. ચીનુભાઈ અમીન, બેંકના ચીફ એકઝુક્યુટીવ એચ.પી. નાયક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ઝીંઝવા ખાતે ગ્રાહક જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

સમાજ કાર્ય મહાવિદ્યાલય, સલાલના અભ્યાસ અને ગ્રામ જાગૃત્તિના ભાગરૂપે પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામે ગ્રાહક જાગૃત્તિ શિબિર યોજાઈ.

આ શિબિરમા પ્રાંતિજના મામલતદાર અંબાલાલ પ્રજાપતિ અને પુરવઠા નાયબ મામલદાર હરીસિંહ રાઠોડ હાજર રહિને ગ્રાહક સુરક્ષા કાયદો અને સરકાર દ્વારા ગ્રાહક જાગૃતિ માટેની જે પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે. તેની વિગતવાર માહિતીઓ રજૂ કરીને જાગૃત થવા ઉપર ભાર મુક્યો હતો.

ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ હાજર રહિને વિવિધ લોભામણી જાહેરાતોથી જાગૃત બનવા અને ગ્રાહકોની કયા પ્રકારે છેંતરામણી થતિ હોય છે તેનો વિવિધ દાખલાઓ આપીને સમજ આપી હતી અને બજારની ખરીદીનું પાકું બીલ લેવાનો આગ્રહ રાખવા ઉપર ભાર મુક્યો હતો.

સમાજ કાર્ય મહાવિદ્યાલય, સલાલના અધ્યાપક સ્વાતિબેન પટેલે વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામ જાગૃતિની પ્રવૃતિઓ કરવામાં આવે છે તેની વિગતવાર માહિતીઓ સમજાવી હતી. આ શિબિરમાં સી.આર.સી. હઠીસિંહ, પ્રાથમિક શાળાના આચાર્ય, રાકેશભાઈ પટેલ અને સ્ટાફ ગામના આગેવાનો અમરતભાઈ ચમાર, દશરથભાઈ પંચાલ, બાબુભાઈ વણકર, સોનાભાઈ પટેલ, પ્રતાપજી પરમાર, અમરસિંહ પરમાર, રાકેશભાઈ હાજર રહીને વિવિધ માહિતીઓ અને ગામના પ્રશ્નોની ચર્ચા કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિદ્યાર્થીઓ પૂર્વાબેન ઠાકર, અવિનાશ વણકર, અર્પણ, જયેન્દ્ર, જયેશ, સ્નેહલ અને સાહિલબેન દ્વારા થયેલ હતું.

## બી.એસ.એન.એલ.ની ગ્રાહક સેવા બાબતે કંથરાવીના ગ્રામજનો નારાજ

ઊંઝા, તા.૩૦

બી.એસ.એન.એલ.ની પાટણ તાલુકા ગ્રામ્ય કચેરી હસ્તકના ઊંઝા તાલુકાના કંથરાવી ગામે કેટલાક ગ્રાહકોના લેન્ડ લાઈન ફોનમાં વારંવાર સર્જાતી ખામી તેમજ ખામીને દૂર કરવામાં તંત્રની ઉદાસીનતાને લઈને ગ્રાહકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

બી.એસ.એન.એલ.ની પાટણ તાલુકા ગ્રામ્ય કચેરી હસ્તકના કંથરાવી સહિતના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વખતથી લેન્ડ લાઈન ફિકસ્ડ ફોનમાં વારંવાર ખામી થાય છે. આ ખામી અંશે ગ્રાહકો ૧૯૮ નંબર પર ત્રણથી ચાર વાર ફરિયાદ નોંધાવે છે. તેમ છતાં ફોનની ખામી દૂર થતી નથી.

કહે છે કે, ખામી યુકત ટેલીફોન લાઈન માટે ૧૯૮ નંબર પર ફરિયાદ કરાય છે. ત્યારે મોટા ભાગે ખામી દુર કર્યા સિવાય રેકર્ડ પર ફોલ્ટનું કિલયરન્સ દર્શાવાય છે. વાસ્તવમાં ખામી દૂર થતી નથી. આવી સ્થિતિમાં દિવસો સુધી ગ્રાહકો ફોન અંગે ફરિયાદ નોંધાવ્યા કરે છે અને ત્યાં સુધી તેઓના ફોન બંધ રહે છે. આમ પાટણ તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં લેન્ડ લાઈન ફોનની ફરિયાદોનો સત્વરે કોઈ ઉકેલ ન આવતાં ગ્રાહકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

કહે છે કે, કેટલાક ગ્રાહકોના લેન્ડ લાઈન ફોનના સર્વિસ લાઈનના વાયરો તેમજ કેબલ વાયરો તૂટીને ખરાબ થઈ ગયા છે. જેને બદલવા માટે પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી. બી.એસ.એન.એલ.ની કથળેલી સેવાઓને કારણે ગ્રાહકો ભારે ત્રાસ પોકારી ઉઠયા છે. લેન્ડ લાઈન ફોનની ફરિયાદનો સંતોષકારક ઝડપી નિકાલ ન થતાં કેટલાયે ગ્રાહકોએ લેન્ડ લાઈન ફોનના જોડાણ રદ કરાવી દીધા છે.

## બડોલ ગામે ખરાબાની જમીનમાં રસ્તા બાબતે મારામારી

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના બડોલ ગામે પંચાયતના કરાબાની જમીનમાં રસ્તાની બાબતમાં ઝઘડો કરી ગામના જ ઈસમોએ ગામના બે વ્યક્તિને માર માર્યાની ફરિયાદ વડાલી પોલીસ મથકે નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બડોલ ગામે ગતરોજ સવારે છ વાગે ગામના જ સોમાજી પૂજાજી મકવાણા અને પારખાનજી પૂજાજી મકવાણાએ પંચાયતના ખરાબામાં કોઈ રસ્તો મળે નહિ તેમ કહી ઉશ્કેરાઈ જઈ સોમાજીએ ગામના જ યુવાન રમેશજીને છુટી ઈંટ મારી અને પારખાનજીએ નરેશજીને માથાના ભાગે જોરથી લાકડી મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે લક્ષ્મણજી કાન્તીજીએ વડાલી પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત વધુ તપાસ કરી રહ્યા છે.


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન


### ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, ગ-રોડ, ગાંધીનગર

**જાહેર નિવિદા**

સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર દ્વારા માન્ય સંસ્થાનો કેટરીંગનો ડીપ્લોમા ધરાવતા અથવા મેશ ચલાવવાનો ઓછામાં ઓછા ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર પદ્ધતિથી ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાની કેન્ટીન ચલાવવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના આશરે અંદાજિત રકમ રૂ. ૮,૭૩,૪૦૦.૦૦ના કામના ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૫-૯-૨૦૧૨ છે. ટેન્ડર ફી રૂ. ૯૦૦/- તથા બાનાની રકમ રૂ. ૮૭૩૦/- રાખવામાં આવેલ છે. ટેન્ડર ઓપનીંગ તા. ૨૭/૯/૨૦૧૨ના રોજ ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. ટેન્ડર ડોક્યુમેન્ટ્સ ફીઝીકલ ફોર્મમાં અપલોડ કરવાની તથા આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી કચેરીને મોકલવાની તારીખ : ૧૮/૯/૨૦૧૨ થી ૨૫/૯/૨૦૧૨ મુકરર કરવામાં આવેલ છે. ટેન્ડર અંગેની વધુ માહિતી **www.gwssb.org** તથા **www.nprocure.com** પરથી ટેન્ડર **ID-94148** ઉપર મુકવામાં આવેલ છે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોને આધિન માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરને અબાધિત રહેશે. **માહિતી/૧૨૨૫/૧૨-૧૩**